REGISTER NOW

# કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત
## એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ
એલ.ડી . કૉલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, નવરંગપુરા , અમદાવાદ-૩૮૦૦૧૫

ACPC

## ડિપ્લોમા ઈજનેરી/ફાર્મસી પછીના ડિગ્રી ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં ઑનલાઇન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૬-૨૭

# Diploma to Degree
## D to D Engineering
## D to D Pharmacy

- **ઑનલાઇન રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા તારીખ ૩૦.૦૫.૨૦૨૬ના રોજ બપોરે ૦૨:૦૦ વાગ્યાથી શરૂ થશે.**
- **ઑનલાઇન રજીસ્ટ્રેશન અને તેની રજીસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તારીખ ૨૨.૦૬.૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ કલાક) છે.**
- **વિદ્યાર્થીઓએ DDCET-૨૦૨૬ ના લૉગ-ઇન આઈડી, પાસવર્ડ અને એપ્લીકેશન નંબરનો ઉપયોગ કરીને ડિપ્લોમા થી ડિગ્રી એડમિશન માટેનું રજીસ્ટ્રેશન તેમજ અન્ય પ્રવેશ માટેની કાર્યવાહી કરવાની રહેશે.**

### પ્રવેશની લાયકાત

- **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની માન્ય તમામ બેઠકો માટે:** પ્રવેશ ના નિયમોમાં ઉલ્લેખિત ગુજરાત રાજ્ય સ્થિત માન્ય સંસ્થા/યુનિવર્સિટી માથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરી/ડિપ્લોમા ફાર્મસીની પરીક્ષા પાસ કરેલ હોય અને **DDCET-૨૦૨૬** ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.
- **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૫ % બેઠકો માટે:** પ્રવેશ ના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સિવાય) સ્થિત માન્ય સંસ્થા/યુનિવર્સિટિ માંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરી/ ડિપ્લોમા ફાર્મસીની પરીક્ષા પાસ કરેલ હોય અને DDCET-૨૦૨૬ ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

### લઘુત્તમ લાયકત

- <u>**ડિપ્લોમા ટુ ડિગ્રી ઈજનેરી:**</u> AICTEની જોગવાઈ મુજબ ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા કુલ ગુણના ૪૫% (SC/ST/SEBC/EWS ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવું જોઈએ.
- <u>**ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસી:**</u> PCIની જોગવાઈ મુજબ ડિપ્લોમા ફાર્મસીની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

### મેરિટની જોગવાઈ

- **ઉપરોક્ત પ્રવેશ માટે ડિપ્લોમા ઈજનેરી તેમજ ડિપ્લોમા ફાર્મસી વિદ્યાશાખાની પરીક્ષા પાસ કરેલ હોય/ઉપસ્થિત થયેલ હોય અને DDCET-૨૦૨૬ માં ઉપસ્થિત થયેલ હોય તેવા ઉમેદવારોને સરકારશ્રી ના પ્રવર્તમાન નિયમ મુજબ મેરિટમાં સામેલ કરવામાં આવશે.**

### રજીસ્ટ્રેશન પ્રક્રિયા

- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશનની ફી રૂ. ૩૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઇન મોડ દ્વારા ચૂકવવા ની રહેશે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ પ્રવેશ પ્રક્રિયા માટે લાયક બનવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. રજીસ્ટ્રેશન માટે અન્ય કોઈ માધ્યમ ઉપલબ્ધ નથી.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી . પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય પ્રવેશ સંબંધિત જાણકારી માટે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઇન પોર્ટલ દ્વારા રોજબરોજ જોવાની ઉમેદવારો અને વાલીઓ ને સલાહ આપવામાં આવે છે.
- <u>**તમામ પ્રવેશ પ્રક્રિયા માટે ઉમેદવારોએ તેમના અસલ પ્રમાણપત્રો સંસ્થામાં સબમિટ કરવાની જરૂર રહેશે નહીં.**</u>
- **જે ઉમેદવારો ને ડીપ્લોમાં પાસ કરવા માટે ખૂટતા વિષયો ની પરીક્ષા (સેમેસ્ટર ૧ થી ૬) આપેલ હોય અને પરિણામ જાહેર થવાના બાકી હોયઅને આવા ઉમેદવારો એ DDCET ૨૦૨૬ આપેલ હોય તેવા વિદ્યાર્થીઓ પણ રજીસ્ટ્રેશન કરાવી શકશે. પરતું લાયકાત ધરાવતા ઉમેદવારો ના પરિણામ તેઓની યુનિવર્સિટી દ્વારા તા.૩૦.૦૭.૨૦૨૬ પહેલા જાહેર કરવા માં આવશે તો તેમનો સમાવેશ પ્રવેશ માટે કરવામાં આવશે અન્યથા તેમને ફાળવાયેલ પ્રવેશ રદ કરવામાં આવશે.**

### નિયુક્ત કરાયેલા સાયબર સ્પેસ સેન્ટર્સ

**સમય: કામકાજના દિવસો માટે સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી**
<u>**પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઇન્ટરનેટ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન ફરજિયાત છે.**</u> ઇન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સ્પેસ સેન્ટર્સ (સુચી વેબસાઈટ www.acpc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે) પર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

### Visit gujacpc.admissions.nic.in for

- ઓનલાઈન રજીસ્ટ્રેશન
- રજીસ્ટ્રેશન ફી ભરવી
- મેરીટ રેન્ક
- ચોઈસ ફીલીંગ
- પ્રવેશ ફાળવણી
- એડમીશન કન્ફર્મેશન અને કેન્સલ કરવા માટે
- એડમીશન કન્ફર્મેશન કરવા માટે ટોકન ટ્યુશન ફી ભરવી

### Visit acpc.gujarat.gov.in for

- નોટીફીકેશન્સ
- લાયકાત અને મેરીટ તૈયાર કરવા માટેના નિયમો
- સંસ્થાઓ અને અભ્યાસક્રમોની યાદી
- નિયુક્ત કરાયેલા સાયબર સ્પેસ સેન્ટર્સ ની યાદી
- પ્રવેશ નો કાર્યક્રમ
- સીટ મેટ્રીક્ષ
- સમગ્ર પ્રવેશ પ્રક્રિયાની તમામ પ્રકારની જાહેરાત અને નોટીસ
- કટ-ઑફ માર્કસ
- પ્રવેશ ફાળવણીનું પરિણામ અને વિશ્લેષણ

acpc.gujarat.gov.in | ACPC Gujarat | acpc.gujarat | gujacpc.admissions.nic.in

